# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2025** **Midday : 1.20 to 1.30**

**Day : Wednesday** **National News**

આકાશવાણી - સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના પાંચ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં નામિબિયાના વિન્ડહોક પહોંચ્યા

2) ભારતમાં આતંકવાદી હુમલા માટેની સામગ્રીની ખરીદીમાં ઇ-કોમર્સ પ્લેટફોર્મનો ઉપયોગ થયો હોવાનું ગ્લોબલ ટેરર ફાઇનાન્સિંગ વોચડોગ, ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સનું તારણ

3) ગુજરાતના વડોદરા જીલ્લાના પાદરા પાસે બ્રિજનો એક ભાગ તૂટી પડતાં નવનાં મોત અને નવ ઇજાગ્રસ્ત

4) અમેરિકાના ટેક્સાસમાં આવેલા વિનાશક પૂરમાં ૧૦૯ના મોત અને ૧૬૦ થી વધુ લોકો ગુમ

5) આજે છત્તીસગઢ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને વિદ ર્ભના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

---

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM - NAMIBIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના પાંચ દેશના પ્રવાસના અંતિમ તબક્કામાં નામિબિયાના રાજધાની  વિન્ડહોક પહોંચ્યા હતા. હવાઇમથક પર નામિબિયાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને વેપાર મંત્રી સેલ્મા આશીપાલા-મુસાવીએ તેમનું સ્વાગત કર્યું. તેમના આગમન પર શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત કરાયું. તેમના સ્વાગતમાં પરંપરાગત ગરબા પણ રજૂ કરાયા હતા..

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, નામિબિયા એક મહત્વનું અને વિશ્વસનીય આફ્રિકન ભાગીદાર છે જેની સાથે ભારત દ્વિપક્ષીય સહયોગ વધારવા તત્પર છે. તેમણે કહ્યું કે તેઓ રાષ્ટ્રપ્રમુખ ડૉ. નેતુમ્બો નંદી-નદૈતવાહને મળવા અને આજે નામિબિયાની સંસદને સંબોધવા માટે તેઓ આતુર છે.

પ્રધાનમંત્રી મોદી નામિબિયાના રાષ્ટ્રપ્રમુખ આમંત્રણ પર નામિબિયા પહોંચ્યા છે. પ્રધાનમંત્રી મોદીની આ દેશની પ્રથમ મુલાકાત છે, અને ભારતના પ્રધાનમંત્રીની ગત ત્રણ દાયકા બાદની નામિબિયાની આ ત્રીજી મુલાકાત છે,

તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપ્રમુખ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ નામિબિયાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ, સ્વર્ગસ્થ ડૉ. સામ નુજોમાને પણ શ્રદ્ધાંજલિ આપશે. શ્રી મોદી આજે સાંજે નામિબિયાની સંસદમાં સંબોધન કરશે પ્રધાનમંત્રીની આ મુલાકાત નામિબિયા સાથે ભારતના બહુપક્ષીય અને  ઐતિહાસિક સંબંધોને વધુ ગાઢ બનાવશે.

. . . . . . . . . . . . . .

# FATF - E COM TERROR

ગ્લોબલ ટેરર ફાઇનાન્સિંગ વોચડોગ, ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સએ જણાવ્યું ભારતમાં આતંકવાદી હુમલા માટે સામગ્રીની ખરીદીમાં ઇ-કોમર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરાયો છે. જમ્મુ અને કાશ્મીરના પુલવામા અને ઉત્તર પ્રદેશના ગોરખનાથ મંદિરમાં થયેલા આતંકવાદી હુમલામાં આ વાત બહાર આવી છે. આતંકવાદી ધિરાણ જોખમો પરના વ્યાપક અપડેટ પરના એક અહેવાલમાં FATF એ જણાવ્યું આતંકવાદી ધિરાણ માટે સોશિયલ મીડિયા, મેસેજિંગ એપ્લિકેશન્સ અને ક્રાઉડફંડિંગ સાઇટ્સ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો દુરુપયોગ વધી રહ્યો છે. ઘણા પ્રકારના સમર્થનની જાણ કરવામાં આવી છે, જેમાં સીધી નાણાકીય સહાય, લોજિસ્ટિકલ અને મટિરિયલ સપોર્ટ અથવા તાલીમની જોગવાઈનો સમાવેશ થાય છે.

વર્ષ 2019માં પુલવામા હુમલામાં, ભારતીય સુરક્ષા દળોના કાફલાને નિશાન બનાવીને આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ કરાયો હતો, જેમાં ચાલીસ સૈનિકો શહીદ થયા હતા. ભારતના અધિકારીઓએ તારણ કાઢ્યું હતું કે આ હુમલો જૈશ-એ-મોહમ્મદ દ્વારા કરવામાં આવ્યો હતો. તપાસમાં ભારતમાં મોટી માત્રામાં વિસ્ફોટકોની સરહદ પારની હિલચાલ બહાર આવી છે અને હુમલામાં ઉપયોગમાં લેવાતા વિસ્ફોટક ઉપકરણનો મુખ્ય ઘટક ઇ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા મેળવવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . .

# BRIDGE COLLPASED-1

ગુજરાતના વડોદરા જિલ્લામાં પાદરા નજીક આજે વહેલી સવારે બ્રિજ તૂટી પડવાની ઘટનામાં નવ લોકોના મોત થયા છે અને નવ લોકોને બચાવીને તેમાં પાંચને સારવાર માટે મોકલી આપ્યાં હોવાનું વડોદરા જીલ્લા પોલીસ વડા રોહન આનંદે જણાવ્યુ.

(બાઇટ- રોહન આનંદ, જીલ્લા પોલીસ વડા)

વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક અધિકારીઓએ તાત્કાલિક યુધ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિકો અને તરવૈયાઓ કામગીરીમાં જોડાયા હતા, જ્યારે આણંદથી ત્રણ ફાયર બ્રિગેડ ટીમો શોધ અને બચાવમાં મદદ કરવા હોડી સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

વડોદરા કલેક્ટર અનિલ ધામેલિયાએ પુષ્ટિ કરી કે આ ઘટના વહેલી સવારે બની હતી, જેમાં અનેક વાહનો તણાઈ ગયા હતા. "બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે,"

(બાઇટ- અનિલ ધામેલિયા, કલેક્ટર વડોદરા)

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ની એક ટુકડીને ખાસ સાધનો સાથે તહેનાત કરવામાં આવી છે, જેમાં ઇન્ફ્લેટેબલ રેસ્ક્યુ બોટ (IRB), આઉટબોર્ડ મોટર્સ (OBM) અને ડીપ ડાઇવર્સનો સમાવેશ થાય છે. દરમિયાન, નદીમાં ડૂબી ગયેલા વાહનોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકારે બ્રિજ તૂટી પડવાના કારણની તપાસ કરવા અને વિગતવાર અહેવાલ રજૂ કરવા ટેકનિકલ નિષ્ણાતોની એક ટુકડી ઘટનાસ્થળે મોકલી છે. બચાવ પ્રયાસો ચાલુ હોવાથી, અધિકારીઓ વધુ દુર્ઘટનાઓને રોકવા બાકીના બ્રિજના ભાગોની માળખાકીય અખંડિતતાનું મૂલ્યાંકન કરી રહ્યા છે. બ્રિજ તૂટી પડવાનું ચોક્કસ કારણ તપાસ હેઠળ છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.**

**પ્રધાનમંત્રીએ આ દુર્ઘટનાના મૃતકોને પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F.માંથી બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર શ્રી મોદીએ જણાવ્યું, ઘટનાના ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં સોશિયલ મિડિયા પર જણાવ્યું, આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોના વારસદારને ચાર લાખ રૂપિયાની સહાય અપાશે. જ્યારે ઇજાગ્રસ્ત દરેક વ્યક્તિને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

# TAXAS FLOOD

અમેરિકાના ટેક્સાસમાં આવેલા વિનાશક પૂરમાં ઓછામાં ઓછા ૧૦૯ લોકો માર્યા ગયા છે અને ૧૬૦ થી વધુ લોકો હજી પણ ગુમ છે, ગુઆડાલુપ નદી કિનારે બચાવ કામગીરી હજુ ચાલી રહી છે. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે જણાવ્યું હતું કે ભયંકર પૂર પછી ઓછામાં ઓછા ૧૬૧ લોકો ગુમ થયા હોવાનું જાણવા મળે છે. જ્યારે શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . .

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે છત્તીસગઢ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને વિદર્ભના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

ઉપરાંત હવામાન વિભાગે ગુજરાત, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

દેશના ઉત્તર પૂર્વ અને દક્ષિણ ભાગમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. જ્યારે દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, આંતરિક કર્ણાટક, કેરળ, માહે, કોંકણ, ગોવા, લક્ષદ્વીપ, સૌરાષ્ટ્ર, કચ્છ અને તમિલનાડુના છૂટાછવાયા સ્થળોએ ભારે પવન ફૂંકવાની આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . .

## KAILAS MANSAROVAR YATRA

કૈલાશ માનસરોવર યાત્રા 2025 ની પાંચમી બેચ, આજે રવાના થશે. આ જૂથમાં 49 વ્યક્તિઓ છે, જેમાં 42 યાત્રાળુઓ, બે સંપર્ક અધિકારીઓ અને એક ITBP ડૉક્ટરનો સમાવેશ થાય છે. વધુમાં, ચાર સહાયક સ્ટાફ ગંગટોકમાં તૈનાત છે.

. . . . . . . . . . . . .

# VC CONFERENCE

શિક્ષણ મંત્રાલય આવતીકાલથી ગુજરાતના કેવડિયામાં કેન્દ્રીય યુનિવર્સિટીઓના બે દિવસીય કુલપતિ સંમેલનનું આયોજન કરી રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણના પાંચ વર્ષના ભાગ રૂપે, આ સંમેલન, કેન્દ્રીય યુનિવર્સિટીઓના નેતાઓને સંસ્થાકીય પ્રગતિની સમીક્ષા કરવા અને સામૂહિક રીતે આગળના માર્ગને આકાર આપવા માટે એકસાથે લાવશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આ સંમેલનમાં હાજરી આપશે. આ સંમેલનના પરિણામો ભારતમાં ઉચ્ચ શિક્ષણના ભવિષ્યને આકાર આપવામાં અને 2047 સુધીમાં વિકાસ ભારત બનવાના રાષ્ટ્રના સામૂહિક દ્રષ્ટિકોણને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . .

# CAQM

કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ એન્ડ-ઓફ-લાઇફ વાહનોમાં ઇંધણ ભરવા પર તબક્કાવાર પ્રતિબંધ લાગુ કરવા તેના અગાઉના નિર્દેશમાં સુધારો કર્યો છે. એક નિવેદનમાં, CAQM એ જણાવ્યું આગામી પહેલી નવેમ્બર, 2025 થી દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ, ગૌતમબુદ્ધ નગર અને સોનીપતમાં તમામ એન્ડ-આયર્ન વાહનોમાં ઇંધણ ભરવાનો ઇનકાર કરવામાં આવશે. આ પ્રતિબંધ પહેલી એપ્રિલ, 2026 થી બાકીના NCR જિલ્લાઓમાં લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .